# મોટાકરણપુરા પ્રાથમિક શાળા

**મુ:-મોટાકરણપુરા , તાલુકો:-દેત્રોજ-રામપુરા ,જિલ્લો:-અમદાવાદ , પીન:-૩૮૨૧૨૦**

---

## નિવૃત્ત થતા શિક્ષકનો વિદાય સમારંભ

**મોટાકરણપુરા**, તા. 30 – 4 – 2020

અમારી શાળા "**મોટાકરણપુરા પ્રાથમિક શાળા**" ના અંગ્રેજી વિષયના સનિષ્ઠ શિક્ષક શ્રી બચુભાઈ ઠાકોર વયમર્યાદાના કારણે આ વર્ષે નિવૃત્ત થવાના હતા. તેમનો વિદાય સમારંભ શાળાના પ્રાર્થનાખંડમાં તા. 25 – 4 – 2020ના રોજ અમારા ગામના સરપંચશ્રી રામભાઈ જોશીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. શાળાના SMC અધ્યક્ષ, SMCસભ્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ સમારંભમાં હાજર રહ્યા હતા.

આચાર્યશ્રીએ મહેમાનશ્રીનો પરિચય આપ્યો. પછી શ્રી બચુભાઈનું અધ્યક્ષશ્રીના હસ્તે શાલ ઓઢાડી તથા સમ્માનપત્ર એનાયત કરીને સમ્માન કરવામાં આવ્યું. આચાર્યશ્રીએ, કેટલાક શિક્ષકોએ અને કેટલાક વિદ્યાર્થીઓએ શ્રી બચુભાઈની શિક્ષક તરીકેની યશસ્વી કારકિર્દીનાં ભરપેટ વખાણ કર્યા.

આ સૌ વક્તાઓનો મુખ્ય સૂર એવો હતો કે શ્રી બચુભાઈની નિયમિતતા, તેમનું જ્ઞાન અને તેમનો ઉત્સાહ સૌને માટે પ્રેરણાદાયી નીવડ્યાં હતાં. શ્રી દિનેશભાઈએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે શાળાનું સુંદર વાતાવરણ અને શાળાના વિદ્યાર્થીઓના પ્રેમને પોતે ક્યારેય ભૂલી શકશે નહિ.

શાળાના વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી શ્રી બચુભાઈને રૂ. 21,000 નો ચેક અર્પણ કરવામાં આવ્યો. શ્રી બચુભાઈએ આ રકમ શાળાના પુસ્તકાલયના વિકાસ માટે અર્પણ કરવાની જાહેરાત કરી. તેમની ઉદારતાને શ્રોતાઓએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

કાર્યક્રમના અંતમાં સૌને આઇસક્રીમ વહેંચવામાં આવ્યો હતો. તેના મધુર સ્વાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું.